# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૯૨- A તા. ૧૧-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જઃ-

વિષયઃ- રાજ્ય વ્યાપી સૂર્યનમસ્કાર અભિયાન અંતર્ગત યોજાનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધાના આયોજન માટે શિક્ષકોને BISAG ના માધ્યમથી તાલીમનું આયોજન કરવા બાબત.

સંદર્ભ :- પત્રક્રમાંક : પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૪૮૫૪-૪૯૪૨, તા. ૧૧-૧૨-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી તા. ૦૧ ડીસેમ્બર ૨૦૨૩ થી તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધી રાજયવ્યાપી સુર્ય નમસ્કાર મહા અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. જે પૈકી સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય/ શાળા/ વોર્ડ કક્ષાએ લઈ જિલ્લા / મહાનગરપાલિકા તથા રાજ્ય કક્ષા સુધી સૂર્યનમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગ્રામ્ય / શાળા કક્ષાએ શિક્ષકોને સુર્ય નમસ્કારની તાલીમ આપવાની થતી હોય તા. ૧૨-૧૨-૨૦૨૩ થી તા. ૧૪-૧૨-૨૦૨૩ સુધી ત્રણ દિવસ માટે સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન BISAG મારફત પ્રસારિત થનાર ટ્રેનિંગ વિદ્યાર્થીઓ નિહાળે અને સ્પર્ધામાં ભાગ લે તે માટે તમારી શાળામાં યોગ્ય વ્યવસ્થા કરવા અને મોટી સ્ક્રિન પર પ્રસારણ નિહાળી શકે તે સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે. કાર્યક્રમના ફોટોગ્રાફ ઝોન ઓફિસ મારફતે મુખ્ય ઓફિસ મોકલી આપવાના રહેશે.

તા. ૧૨-૧૨-૨૦૨૩ પહેલા સદર કાર્યક્રમના જીવંત પ્રસારણ નિહાળવા માટે તમારી શાળામાં જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે.

તા. ૧૧-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૪૮૫૪-૪૯૪૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. ૧૧/૧૨/૨૦૨૩

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- રાજય વ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાન અંતર્ગત યોજાનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધાના આયોજન માટે શિક્ષકોને BISAG ના માધ્યમથી તાલીમનું આયોજન કરવા બાબત.

**સંદર્ભઃ**- અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃ- પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૩/૪૭૬૪-૪૮૫૩ તા. ૧૧/૧૨/૨૦૨૩

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ગુજરાત રાજયમાં યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે અને જન જન સુધી યોગનો પ્રચાર પ્રસાર થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. બોર્ડનો હેતુ રાજ્યના દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજય યોગ બોર્ડના માધ્યમથી તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૩ થી ૦૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધી રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર મહા અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. જે પૈકી સમગ્ર રાજયમાં ગ્રામ્ય /શાળા/ વોર્ડ કક્ષાએ લઈ જિલ્લા / મહાનગરપાલિકા તથા રાજય કક્ષા સુધી સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગ્રામ્ય/શાળા કક્ષાએ શિક્ષકોને સૂર્ય નમસ્કારની તાલીમ આપવાની થતી હોય તા. ૧૨/૧૨/૨૦૨૩ થી તા. ૧૪/૧૨/૨૦૨૩ સુધી ત્રણ દિવસ માટે સાજે ૪.૦૦ થી ૫.૦૦ કલાક દરમિયાન BISAG મારફત પ્રસારિત થનાર ટ્રેનીંગ વિદ્યાર્થીઓ નિહાળે અને ભાગ લે તે માટે આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓને જરૂરી સૂચનાઓ આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

**નકલ સવિનય રવાનાઃ-**

- માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજય યોગ બોર્ડ, બ્લોક નં. ૧૯/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Scanned with OKEN Scanner

सत्यमेव जयते
Government of Gujarat

# GUJARAT STATE YOG BOARD
(Under Sports, Youth & Cultural Activites Department)

Office: Block 19, 3rd Floor, Dr. Jivraj Mehta Bhavan, Sector 10A, Gandhinagar-382010
Tele: 079-2322 3362/63 Email Id: yogboard@gujarat.gov.in Web: www.gsyb.in

ક્રમાંકઃ ગયબ/BISAG/લાઈવ/૨૦૨૩/ તા.૦૮/૧૨/૨૦૨૩

પ્રતિ,
ડાયરેકટર જનરલશ્રી,
ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ફોર
સ્પેસ એપ્લીકેશનસ એન્ડ જીઓ ઈન્ફોર્મેટીક(BISAG)
ચ-૦ સર્કલની બાજુમાં, ગાંધીનગર

વિષયઃ- રાજ્ય વ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાન અંતર્ગત યોજાનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધાના આયોજન માટે શિક્ષકોને BISAG ના માધ્યમથી તાલીમનું આયોજન કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત રાજયમાં યોગની પ્રવૃત્તિને વ્યાપક પ્રમાણમાં વિકસાવવા માટે અને જન જન સુધી યોગનો પ્રચાર પ્રસાર થાય તે માટે ગુજરાત સરકાર ધ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત ગુજરાત રાજ્ય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. બોર્ડનો હેતુ રાજ્યના દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજય યોગ બોર્ડના માધ્યમથી તા.૦૧-ડિસેમ્બર-૨૦૨૩ થી ૦૧-જાન્યુઆરી ૨૦૨૪ સુધી રાજયવ્યાપી સૂર્ય નમસ્કાર મહા અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. જે પૈકી સમગ્ર રાજયમાં ગ્રામ્ય /શાળા/ વોર્ડ કક્ષાએ લઈ જિલ્લા / મહાનગરપાલિકા તથા રાજ્ય કક્ષા સુધી સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંર્તગત ગ્રામ્ય / શાળા કક્ષાએ શિક્ષકોને સૂર્ય નમસ્કારની તાલીમ આપવાની થતી હોય તા.૧૨/૧૨/૨૦૨૩ થી ૧૪/૧૨/૨૦૨૩ સુધી ત્રણ દિવસની તાલીમનું આયોજન BISAG ના માધ્યમથી થાય તે માટે આપના તરફથી જરૂરી આયોજન / વ્યવસ્થા કરવા નમ્ર વિનંતી છે.

ખાસ ફરજ પરના અધિકારી
ગુજરાત રાજય યોગ બોર્ડ
ગાંધીનગર

Scanned with OKEN Scanner